### ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા

# ચેતક કમાન્ડોઝને ફર્સ્ટ એઈડ ટ્રેનિંગ



ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા ચેતક કમાન્ડો યુનિટ-૨ તથા ૪ના જવાનો માટે ફર્સ્ટ એઈડ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. રેડ ક્રોસના ટ્રેનર જિજ્ઞેશ રાવલ દ્વારા આ તાલીમ આપવામાં આવી હતી. જિલ્લા શાખાના હિતેશ રાવલ, હેમલ કોંઢિયા અને હિદાયતખાન મનસૂરીએ આ પ્રસંગે ઉપસ્થિત રહી ઉપક્રમને સફળ બનાવવા માટે સક્રિય યોગદાન આપ્યું હતું.

# ૧૪૨ કરોડના ખર્ચે સોલા સિવિલને સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં તબદીલ કરાશે

ગાંધીનગર, તા. ૫

રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જાહેરાત કરતા જણાવ્યું કે, ૧૪૨ કરોડના ખર્ચે ગુજરાત હાઈકોર્ટની બાજુમાં આવેલી સોલા સિવિલ હોસ્પિટલને અદ્યતન સુવિધાયુક્ત બનાવાશે. એટલે કે સોલા સિવિલને હવે સુપરસ્પેશિયાલિટી હોસ્પિટલમાં તબદીલ કરવામાં આવશે. નવી બનનારી હોસ્પિટલમાં ૧૨૦૦ પથારીની સુવિધા ઉપલબ્ધ બનશે અને તમામ પ્રકારની હાઈટેક સારવાર દર્દીઓને વિના મુલ્યે અથવા તો રાહત દરે આપવામાં આવશે. નીતિન પટેલે જણાવ્યું કે, સોલા સિવિલમાં ૨૦૧૦થી મેડિકલ કોલેજ કાર્યરત છે. રાજ્ય સરકાર તરફથી સોલાની સિવિલ હોસ્પટલ કેમ્પસમાં ૧૫૦ પથારીની સુવિધા સાથેની મેડિકલ કોલેજ શરૂ કરાઈ છે, અહીં પીજી મેડિકલ પણ શરૂ કરાયું છે. રાજ્ય સરકારને ૪૯ એકર જમીનની મંજૂરી મળી છે. અહીં ૬૧,૦૦૦ ચોરસમીટરનું ૧૦ માળનું નવું બિલ્ડિંગ બનાવવાનું આયોજન છે.

અમદાવાદમાં નવી સિવિલ હોસ્પિટલનું વડાપ્રધાન મોદીના હસ્તે લોકાર્પણ કરાયું હતું. પૂર્વ અમદાવાદમાં આવેલી અસારવાની સિવિલ હોસ્પિટલમાં હિંમતનગરથી નડિયાદ, આણંદ સુધીના દર્દીઓ સારવાર લેવા આવે છે. આથી હવે સોલા સિવિલ હોસ્પિટલમાં સુપર સ્પેશિયાલિટી સારવાર આપવા માટે નવી હોસ્પિટલનું નિર્માણ કરવાનો નિર્ણય લેવાયો છે. પશ્ચિમ અમદાવાદનો વિસ્તાર હવે વિકસી ગયો છે એટલે અહીંના લોકોને આરોગ્યની ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ બનાવવા સરકાર આ આયોજન કરવા માગે છે. નીતિન પટેલે આ સાથે જ જાહેરાત કરતા જણાવ્યું કે, સુરતમાં આવેલી સિવિલ હોસ્પિટલમાં ૫૪ કરોડના ખર્ચે કિડની હોસ્પિટલ ઊભી કરવામાં આવશે. સુરતમાં ૨૦૦ પથારીની નવી હોસ્પિટલનું નિર્માણ કરવાની મંજૂરી મળી છે. હાલ, કેન્દ્ર સરકાર દ્વારા સિવિલ હોસ્પિટલોને અપગ્રેડ કરવા માટે ૧૨૦ કરોડની સહાય આપવામાં આવી છે.

# ગાંધીનગરની શાળાઓનાં પરિણામ

**સરસ્વતી વિદ્યાલય**

**જુનિયર કેજી**

૧ મેઘાંશુ મનીષાબેન પરમાર
૨ તીર્થકુમાર દિલીપભાઈ રાઠોડ

**સિનિયર કેજી**

૧ આર્ય વિજયકુમાર ઠાકોર.
૨ ધ્રુવિશા રાજેશભાઈ સોલંકી

**ધોરણ-૧**

૧ હીર કમલેશગીરી ગોસ્વામી
૨ નિહાલખાન અલીયારખાન પઠાણ

**ધોરણ-૨**

૧ નવ્યા મહેન્દ્રકુમાર પરમા
૨ કર્તવ્ય ચેતનભાઈ બારોટ

**ધોરણ-૩**

૧ જીયા દિનેશભાઈ પ્રજાપતિ
૨ રેહાન અલ્તાફભાઈ મનસુરી

**ધોરણ-૪**

૧ મિત્તલ વિજયકુમાર ઠાકોર
૨ મોહિત મનીષભાઈ પરમાર

**ધોરણ-૫**

૧ હેતાંશી રાજેશભાઈ સોલંકી
૨ દેવાંશી ધર્મેન્દ્રકુમાર આચાર્ય

**ધોરણ-૬**

૧ જીનલ રશ્મિકાંત પરમાર
૨ અશ્વિની સંતોષભાઈ મિસ્ત્રી

**ધોરણ-૭**

૧ મોનલબેન અરવિંદભાઈ ચારેલ
૨ રાજેશ મનુજી ઠાકોર

**ધોરણ-૮**

૧ આશિયાનાબેન જે. મનસુરી
૨ રિન્કુબેન અશ્વિનભાઈ ચોલવીયા

**ધોરણ-૯**

૧ જીનલ રમેશભાઈ રબારી
૨ જીરલ હિતેશકુમાર રાઠોડ

**ધોરણ-૧૧ આટ્ર્સ**

૧ મેઘા સુરેશભાઈ નાયક
૨ નિશાબેન પરબતભાઈ રાવળ

**ધોરણ-૧૧ કોમર્સ**

૧ ધર્મેશભાઈ બળદેવભાઈ પરમાર
૨ સાહિલ વિનોદભાઈ દંતાણી

**શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય**

**જુનિયર કેજી**

૧ અમિત મુકેશભાઈ કોટેડ
૨ નૈનેશકુમાર ઉમેશભાઈ
૩ સોહિતકુમાર સખૌર

**સિનિયર કેજી**

૧ સુમન મનોજકુમાર પરાસર
૨ મયંક મુનેશ કુશવાહા

**ધોરણ-૧**

૧ મુસ્કાન રાજેશકુમાર કનોજિયા
૨ અભિષેક નિશાદ
૩ પૂજા એલ મીના

**ધોરણ-૨**

૧ જાહ્નવી ઈશ્વરલાલ દાદા
૨ અંજલીબેન સુરેશભાઈ મહારાજ
૩ રાંપવન રામચંદ્ર

**ધોરણ-૩**

૧ ખુશી પપ્પુભાઈ કોરી
૨ સાગર ચેતરામ કોરી
૩ આયુષ લક્ષ્મણ નિશાદ

**ધોરણ-૪**

૧ આકાશકુમાર બ્રિજેશકુમાર જ્હા
૨ ખુશી રાજેન્દ્ર સૈન
૩ વિધિ બી કુમાર

**ધોરણ-૫**

૧ અનુતા ડી સોલંકી
૨ કાજલ રમેશચંદ્ર રાઠોડ
૩ મહંમદમુફીદ હારૂન

**ધોરણ-૬**

૧ નિખિલકુમાર એન પ્રસાદ
૨ સુમિતકુમાર એસ પટેલ
૩ આશી એન યાદવ

**ધોરણ-૭**

૧ દીપક ઈશ્વરલાલ મીના
૨ ચિરાગ રામેશ્વરલાલ પ્રજાપતિ
૩ શિવાંશુ વિશ્વકર્મા

**ધોરણ-૮**

૧ વિકાસકુમાર રામચંદ્રરામ
૨ વિપુલકુમાર સંજય પટેલ
૩ મનુ રાજેન્દ્રસિંહ રાઠોડ

**ધોરણ-૯**

૧ હિરાલાલ બાબુલાલ
૨ પ્રવીણ ડી પટેલ
૩ કાસ્વાન ગોરધનરામ બસંતી

**ધોરણ-૧૧ કોમર્સ**

૧ ગૌરવ દિપકભાઈ પંચાલ
૨ વિક્રમસિંઘ લક્ષ્મણસિંઘ રાવત
૩ કરણ લક્ષ્મણ સોનકર

**ધોરણ-૧૧ આટ્ર્સ**

૧ પિન્કી શાંતિલાલ પ્રજાપતિ
૨ રાકેશ થાનાજી રબારી
૨ રતનસિંઘ અર્જુનસિંઘ બારોટ
૩ સુપ્રિયાકુમારી સંતોષ

## જન્મદિને વધામણી



દર્શન મારૂ
પત્રકાર, ગાંધીનગર સમાચાર
મો. ૯૫૮૬૨ ૮૭૪૪૭



અશ્વિનભાઈ આર પંડ્યા
મો. ૯૪૨૬૩ ૧૭૭૨૨

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

# ભારતનું મીઠું અમેરિકા અને યુરોપનો બરફ ઓગાળી રહ્યું છે..!!

ન્યુ દિલ્હી, તા. ૫

ભારતીય મીઠા ઉદ્યોગ માટે યુરોપ અને અમેરિકામાં થયેલી ભારે હિમવર્ષા ખુશ ખબર લઈને આવી છે. યુરોપ અને અમેરિકાના દેશોમાં ભારે હિમવર્ષાને કારણે બરફ હટાવવા માટે મીઠાની માગમાં ભારે વધારો થયો છે. અમેરિકામાં ૯૦ ટકા મીઠું ભારતથી આયાત કરવામાં આવે છે.

રસ્તા પરનો બરફ હટાવવા માટે મોટે ભાગે સોડિયમ ક્લોરાઈડ અથવા અન્ય કેમિકલનો ઉપયોગ થાય છે. જેના માટે મીઠાનો ઉપયોગ કરવામાં આવે છે. હિમવર્ષાને કારણે રસ્તા પરના બરફને જલ્દીથી પીગાળવા માટે મીઠાનો ઉપયોગ કરવામાં આવે છે. ગુજરાતમાં બનતું મીઠું ચીન મારફતે યુરોપ, અમેરિકા અને રશિયા સુધી પહોંચે છે. જેમાં લોજિસ્ટિક ખર્ચ પણ ઓછો થાય છે. ચીન પણ ભારતમાંથી મોટી માત્રામાં મીઠું આયાત કરે છે.

# ભાડજના હરેકૃષ્ણ મંદિર ખાતે ભવ્ય પાટોત્સવ





ગાંધીનગર, તા. ૫

હરેકૃષ્ણ મંદિર,ભાડજ દ્વારા ૫ દિવસીય વાર્ષિક પાટોત્સવ પર્વ ઉજવણીની શરૂઆત પ્રથમ દિવસે શાહીબાગ ખાતે ભગવાન શ્રી શ્રી રાધા માધવની ભવ્ય રથયાત્રા સાથે થઈ. મંદિરમાં ભગવાનશ્રીની પ્રાણપ્રતિષ્ઠા કર્યાની યાદગીરીરૂપે ચોથુ વર્ષ પૂરું થતા ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણી શરૂઆત મહાનુભાવો જેવા કે પ્રદિપ પરમાર (ધારાસભ્ય, અસારવા), જગનમોહન કૃષ્ણ દાસ (અધ્યક્ષ, હરેકૃષ્ણ મુવમેન્ટ), કૈલાશજી ન્યાતી (અધ્યક્ષ, મહેશ્વરી સેવા સમિતિ), પૃથ્વિરાજ કાંકરિયા (સી.એમ.ડી., કાંકરીયા ટેક્સટાઈલ પ્રાઈવેટ લિમિટેડ)ની પાવન હાજરીમાં થઈ. રથયાત્રાનો પ્રારંભ વૈદિક પધ્ધતિની પરંપરાગત અનુસાર રથપૂજા સાથે કરવામાં આવી. આશરે ૫૦૦૦થી પણ વધુ ભકતોએ રથયાત્રામાં ભાગ લીધો હતો અને ઉમળકાભેર રથને ખેંચ્યો હતો. રથયાત્રાનો પ્રારંભ ગાયત્રી મંદિર, શાહીબાગ ખાતેથી થઈ દફનાળા, ગેહવર સર્કલ, રાજસ્થાન હોસ્પિટલ વિસ્તારમાંથી પસાર થઈ મહેશ્વરી સેવા સમિતિ મુકામે થોભાવી દેવામાં આવ્યો હતો. રથયાત્રાની સાથેસાથે ભવ્ય કિર્તનનું ગાન કરવામાં આવ્યુ અને રથયાત્રાના નિશ્ચિત માર્ગ દરમ્યાન રથયાત્રામાં ભાગલેનાર આશરે ૧૦,૦૦૦ કરતા પણ વધુ લોકોને પ્રસાદની વહેંચણી કરવામાં આવી. રથને વિવિધ સ્થળો પર થોડી ક્ષણો માટે થોભાવતા લોકોને રથમાં બિરાજમાન શ્રી શ્રી રાધા માધવને ફળો, ફુલો, અને વિવિધ જાતના વ્યંજન, નમકીન અર્પણ કરવાની અમૂલ્ય તક મળી હતી.

વિવિધ કાર્યક્રમો જેવા કે સ્વર્ણરથ ઉત્સવ, નૌકાવિહાર, પાલકી ઉત્સવ, અને બીજા ઘણા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન આ ઉજવણી દરમ્યાન મંદિર ખાતે કરવામાં આવ્યું છે. હરેકૃષ્ણ મંદિર દ્વારા સૌને તા. ૭ મે સુધી ઉજવવામાં આવનાર ઉત્સવમાં ભાગ લેવા માટે ભાવભર્યું આંમત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ઔર ભી મુદ્દે હૈ ચુનાવમેં સબૂતોં કે સિવા

**પ્રસંગસર**

લોકસભાની ચૂંટણીનો પ્રચાર તો બહુ જોર ઉપર હતો, પરંતુ ફાની તોફાને પ્રચારની ઝડપ ધીમી કરી નાખી. ઓરિસ્સા પછી ફાની પશ્ચિમ બંગાળમાં છે. પશ્ચિમ બંગાળમાં ચુટણુ પ્રચાર કેટલાક સમય માટે બંધ છે. પરંતુ જયા ફાની નથુ ત્યા ભાજપા અને કોંગ્રેસ સહિત તમામ પક્ષો જોર શોરથી પ્રચારમાં લાગ્યા છે. આ જોરમાં કોંગ્રેસે કહ્યું કે અમારી સરકારમાં પણ બે કે ત્રણ નહિ પરંતુ ગણીને પુરી ૬ સર્જીકલ સ્ટ્રાઈક થઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આનો જવાબ આપ્યો જે કોઈક હદ સુધી ભારતની સેનાનું અપમાન પણ છે. વડાપ્રધાને કોંગ્રેસની મજાક ઉડાવતા સેના ઉપર પણ સવાલ કર્યા કે યુપીએના રાજમાં સર્જિકલ સ્ટ્રાઈક થઈ જ નથી. હવે તેની સાબિતી આપવા કોણ આગળ આવશે....? બસ એવું જ ઠીક મોદીના દાવા સમયે થયુ કે સર્જીકલ સ્ટ્રાઈક થઈ હોય તો સાબિતી આપે....! જાણે કે સાબિતીઓની મોસમ ચાલી રહી હોય. તમે મને સાબિતીઓ આપો, હું તમને સાબિતીઓ આપું છું......!! પરંતુ શુ આ ચૂંટણી સર્જીકલ સ્ટ્રાઈક... પાકિસ્તાન કે પછી સાબિતીઓ પર થઈ રહી છે કે શું....? ભારતમાં દરરોજ કેટલાયે લોકો ખાલી પેટ સુઈ જાય છે. રહેવાને માટે છત નથી, પહેરવા માટે પૂરતા કપડાં નથી તેમની રોટી- કપડા અને મકાનને માટે ચૂંટણીઓ ક્યારે થશે.....? શું રોટી-કપડા-મકાન ચૂંટણીઓનો અગત્યનો મુદ્દો નથી કે શું....? શા માટે મુદ્દાથી રાજકીય પક્ષો ભટકી રહ્યા છે અને તેમના સન્માનનીય નેતાઓ પણ.....?

ઔર ભી ગમ હૈ જમાને મેં મોહબ્બત કે સિવા, ઔર ભી મુદ્દે હૈ ચુનાવમેં સબૂતોં કે સિવા.....! પરંતુ તેના ઉપરની ચર્ચા કે સાબિતીઓ નથી. એ સાચું છે કે કોંગ્રેસે ૫૫ વર્ષ ૭૦ વર્ષ રાજ કર્યું છતાં પણ આજે ભારત ગરીબ છે. એક જ પક્ષને જો આટલા વર્ષ શાસન કરવાનો મોકો મળ્યો હતો તો ગરીબી કેટલીક હદ સુધી દૂર થઈ શકતી હતી, પરંતુ એવું નથી થયું... આધી રોટી ખાયેંગે- ઈન્દીરાકો લાયેંગે- ગરીબી હટાયેગે.... ના નારો દેશભરનાએ વર્ષો સુધી સાંભળ્યો. કેટલાએ અડધી રોટલી ખાધી... કેટલાયે નેતાઓએ મલાઈ ખાધી એ કહેવાની આવશ્યકતા નથી. નેતાઓની ગરીબી દૂર થઈ ગઈ, સુત્રો પોકારવવાવાળા સામાન્ય આદમીની ગરીબી દૂર થઈ ખરી...? મોદીજી કહેછે અમે પણ ગરીબી દૂર કરી, મકાન બનાવ્યા, આ કર્યુ, તે આપ્યુ. પરંતુ તેમની પાર્ટીના નેતા સંબિત પાત્રાએ પુરી મતદાન ક્ષેત્રમાં જે મહિલાના ઘરે તેમના હાથોથી ખાવાનું ખાધુ તે ગરીબ મહિલાના ઘરમાં ગેસનો ચુલો ના હતો....! ગરીબી એક કલંક છે. શુ સરકાર એટલી રોજગારી નથી આપી શકતી કે કોઈપણ ગરીબ રહે નહી....? શા માટે મોંઘવારી પર ધા મારવામાં નથી આવતો....? શા માટે શૌચાલય ની જેમ ગરીબી દૂર કરવાને માટે અભિયાન નથી ચલાવવામાં આવતું.....? અબકી બાર,મેહગાઈ પર વાર....!

કહેવત છેને કે જ્યા ઈચ્છા ત્યાં રસ્તો... સરકાર નક્કી કરે કે મારા દેશનો એક પણ નાગરિક ભૂખ્યા પેટે ના સુવે, કોઈ ફૂટપાથ ઉપર જીવન વિતાવે નહીં.... જ્યાં સુધી આવું નહીં થાય ત્યા સુધી ગરીબી રહેશે અને તેના પર રાજકારણ ચાલશે તેના પર બજેટ બનતા રહેશે, પરંતુ ગરીબી ત્યાં ને ત્યાં જ રહેશે....! ભારતની ચૂંટણીમાં પાકિસ્તાન નું શું કામ છે....? ભારત ઈચ્છે તો આવા દસ પાકિસ્તાનને પોતાની મુઠ્ઠીમાં રાખવાની તાકાત રાખે છે, પરંતુ છતાં પણ પાકિસ્તાનના નામ પર ડરાવવાનું રાજકારણ ક્યારેય યોગ્ય નથી. માનવીની મૂળભૂત બુનિયાદી જરૂર તો છે રોટી- કપડા અને મકાન તેના ઉપર ચૂંટણીઓ થાય અને વાયદા-વચનો હોય અને સરકાર બનાવ્યા પછી અમલ પણ હોય. રહેનેકો ઘર નહી..... સારા જહાં હમારા..... એવી વાતો શાયરીઓ માં સાંભળવામાં સારી લાગે છે. મોદીજી તમે તો ગરીબી જોઈ છે, ગરીબીમાં જીવ્યા છો. તમે કહ્યું હતું કે તમારી માએ બીજાના ઘરના વાસણ ધોઈને ઘરનું પૂરું કર્યું હતું, તો શું તમો એવી પ્રતિજ્ઞા નથી લઈ શકતા કે હું એક એવા ભારતનું નિર્માણ કરું કે જ્યાં મારા ભારતની એક પણ માં કોઈના પણ ઘરના ઝાડુ-પોતા કરશે નહીં.... તેમને એટલી આવક મળે કે સ્વમાનભેર માથું ઊંચું કરીને જીવે. અને... બડી શાન સે કહે મેરા ભારત મહાન.....!

(જી.એન.એસ)

# ગાંધીજીનો વિનોદ

॥ ઓગણીસમો મણકો ॥

**૪૮ - બોખાનો વળી ફોટો શો ?**

એ જ મુલાકાત વેળા એક ભાઈ બોલ્યા, આપની તબિયત ઉંમરના પ્રમાણમાં સારી છે !

ગાંધીજી : શું કરું ? બધા જ મારી અદેખાઈ કરે છે. તબિયત તો સારી છે.

પ્રતિનિધિ : આપનો ફોટો આપો.

ગાંધીજીએ પોતાનો હાથ હોઠ પરથી લઈ લીધો અને કહ્યું, જુઓ, મોંમાં દાંત સુદ્ધાં હવે રહ્યાં નથી. આ બોખા આદમીનો વળી ફોટો શો ?

પ્રતિનિધિ : ના, એમ નહીં ચાલે. આપને અમારે ત્યાં બધા ઓળખે છે અને આપના પ્રત્યે માનની દૃષ્ટિએ જુએ છે.

ગાંધીજી : તો પછી ફોટાની જરૂર ક્યાં રહી ?

પ્રતિનિધિઓએ આગ્રહ ચાલુ રાખ્યો. છેવટે ગાંધીજીએ કહ્યું કે બીજી વાર તમે આવો અને હું જીવતો હોઉં તો ફોટો લઈ જજો.

**૪૯ - પ્રાર્થના કરો**

એક વાર શ્રીપાદ જોશી પોતાની પત્ની સાથે ગાંધીજીને મળવા આવ્યા હતા. તે વેળા કનુ ગાંધી અને તેમનાં પત્ની પણ ગાંધીજી સાથે હતાં. જોશી તાજા પરણેલા હતા એટલે એમનાં લગ્ન સંબંધી વાતો નીકળી. કોઈકે વિનોદ કરી પેલી નવોઢાને કહ્યું કે, તમને ત્રાસ દેવા માટે સાસુ-સસરા નથી એ ઠીક છે.

કનુ ગાંધી (આભાબહેનને) : તને જ માત્ર આ લાભ મળતો નથી, ખરું ને ?

ગાંધીજી (આભાબહેનને) : મારાં સાસુ-સસરા વહેલાં મરજો, એવી તું દેવને પ્રાર્થના કરજે.

આભાબહેન : પણ મારી પ્રાર્થનાથી કંઈ થોડું જ એવું થાય છે ?

સૌ હસવા લાગ્યાં.

**૫૦ - હું તો ગરીબ છું**

ગાંધીજી ત્યારે પૂનાના નેચર ક્યૉર ક્લિનિકમાં રહેતા હતા. તેમને મળવા એક પરિચિત બહેન ત્યાં આવી હતી. છતાં દોઢ કલાક સુધી તેને કોઈએ અંદર પેસવા દીધી નહીં. અંતે તે અંદર જઈને ગાંધીજીને પ્રણામ કરીને બોલી :

હું ક્યારની અંદર આવવાને પ્રયત્ન કરું છું પણ કોઈ અંદર આવવા દે ત્યારે ને ?

ગાંધીજી (સ્મિત કરીને) : પણ આખરે તું આવી તો ખરી ને ? બડી હોશિયાર લાગે છે ! પણ આ તારી હોશિયારી અને ચીવટ સમગ્ર જીવનમાં વાપરજે. જેટલું જ્ઞાન સંપાદન થાય તેટલું કરજે. તે દરમિયાન ગાંધીજીની નજર તેના ગળાનાં ઘરેણાં તરફ ગી. એટલે તે બોલ્યા, અરે, આ શું ? અમારો શ્રીપાદ તો ઘણો ગરીબ છે. તું તો ઉડાઉ છોકરી લાગે છે. તું શ્રીમંત છે ? શ્રીમંતો પૈસો કેમ એકઠો કરે છે તે તું જાણે છે ? તેઓ તો ચોરી કરીને શ્રીમંત થાય છે.

પછી ગાંધીજી હસતાં-હસતાં કહેવા લાગ્યા, હું તો ઘણો જ ગરીબ છું તેથી રાત્રે આવીને તારો આ સોનાનો હાર લઈ જઈશ.

150 ગાંધીયાત્રા



'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર